# વડોદરા મહાનગરપાલિકા

## પાણી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકા હસ્તકના પાણી પુરવઠા વિભાગ અંતર્ગત આવતા મહીસાગર ફ્રેન્ચવેલ, દોડકા WTP, નીમેટા WTP તેમજ ખાનપુર WTP જેવા પાણીના સ્ત્રોતો ખાતેથી રાત-દિવસ ઈલેક્ટ્રીકલ અને મીકેનીકલ મશીનરી ચલાવી શહેરમાં પાણી પુરવઠો મેળવવામાં આવે છે. સદર તમામ સ્થળોએ મશીનરી કાર્યરત રાખવા માટે DISCOM(M/s. MGVCL) પાસેથી વીજ પુરવઠો મેળવાવામાં આવે છે. વર્તમાનમાં ગુજરાતના દરિયાકાંઠે આવેલ “તૌકતે” વાવાઝોડાના કારણે વડોદરા શહેર પણ અસરગ્રસ્ત થઈ શકે છે આવી પરિસ્થિતિમાં ઉપરોક્ત દર્શાવેલ પાણીના સ્ત્રોતો ખાતે લાંબા સમય માટે વીજ પુરવઠો ખોરવાય તેવી શક્યતાઓ રહેલી છે. સદર પાણીના સ્ત્રોતો ખાતે વીજ પુરવઠો ખોરવાય તેવા સંજોગોમાં શહેરના ચારેય ઝોન (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ) માટે સ્ત્રોત પરથી પાણી મેળવવામાં મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. ઉપરોક્ત પરિસ્થિતિ સર્જાય તેવામાં આગોતરા પગલા રૂપે આથી જાહેર જનતાને જણાવવાનુ કે, તા. ૧૮/૦૫/૨૦૨૧ અને તા. ૧૯/૦૫/૨૦૨૧ એમ બે(૦૨) દિવસ માટે પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરી પાણીનો બચાવ કરવો જેથી પાણી વિતરણમાં ખલેલ ઉભી થાય અને વિતરણ ન થઈ શકે તેવા કિસ્સામાં જરૂરીયાતના સમયે તેને ઉપયોગમાં લઈ શકાય. આ પરિસ્થિતીમાં સર્વે જાહેર જનતાને યોગ્ય સાથ સહકાર આપવા વિનંતી છે.

**પી.આર.ઓ.નં. /૨૦૨૧-૨૦૨૨ કાર્યપાલક ઇજનેર(પા.પુ.-ઈલે./મીકે)**